| સૌરાષ્ટ્ર યુનિવર્સિટી | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી |
| --- | --- |
| Accredited Grade A by NAAC | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય ,<br>યુનિવર્સિટીકેમ્પસ , યુનિવર્સિટી રોડ,<br>રાજકોટ – ૩૬૦૦૦૫<br>ફોન નં. ૨૫૭૮૫૦૧ થી ૧૨ (એક્સ ) ૨૧૪ |

નં જોડાણ/૫/3030/૨૦૨૦ તા.22-૨-૨૦૨૦

વિષય :- સિન્ડીકેટ તા. ૨૦.૧૨.૨૦૧૯ ની સભાના ઠરાવ ક્રમાંક : ૨૪(૧૨)

પરિપત્ર :-

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સીટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે જે તે કોલેજ દ્વારા એક થી વધુ વર્ષોના વધારાના/ચાલુ જોડાણની માંગણી કરેલ હોય અને તે પરત્વે સ્થાનિક તપાસ સમિતિએ ભલામણ કરેલ હોય તો નીચે મુજબની શરતોએ એક થી વધુ વર્ષોના વધારાના/ચાલુ જોડાણ ની ભલામણ એકેડેમિક કાઉન્સિલ, સિન્ડીકેટ દ્વારા વિચારણા કરવામાં આવશે.

એકેડેમિક કાઉન્સિલની તા.૧૦.૧૨.૨૦૧૯ ઠરાવ ક્રમાંક ૧૨નો સંદર્ભ ભાગ

"આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે સંસ્થાએ એક થી વધુ વર્ષ માટે જોડાણ અંગેની અરજી કરેલ હોય અને તેની નિયમોનુસારની તેટલા વર્ષોની ફીઝ ભરેલી હોય તેવી કોલેજોનું જોડાણ માંગ્યા મુજબના બદલે ઓછા વર્ષનું મંજુર થાય તો બાકીના વર્ષનો જોડાણ ફી સંસ્થાએ ભરવાની રહેશે નહિ પરંતુ બાકીના વર્ષની જોડાણ અરજી યુનિવર્સીટીને કરવાની રહેશે."

ઉપર્યુક્ત વિગતે સિન્ડીકેટ દ્વારા એકેડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારી અને નીચે મુજબની શરતોએ એકથી વધુ વર્ષોના વધારાના/ચાલુ જોડાણની ભલામણ પરત્વે વિચારણા થવા નીતિ નિયત કરવામાં આવેલ.

સિન્ડીકેટની તા.૨૦.૧૨.૨૦૧૯ ઠરાવ ક્રમાંક ૨૪ (૧૨)નો સંદર્ભ ભાગ

"આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે જે સંસ્થાએ એક થી વધુ વર્ષોના જોડાણની માંગણી કરેલ હોય અને તે મુજબ જોડાણ ફી ભરેલ હોય તેમજ સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ હકારાત્મક હોય તો તેવી સંસ્થા દ્વારા નીચે મુજબની શરતો સંતોષાતી હોય તો એકથી વધુ વર્ષોનું જોડાણ મંજુર કરવા રાજ્ય સરકારશ્રીને ભલામણ કરવી.

૧. સંસ્થાએ નિયમિત આચાર્યની નિમણુંક કરેલ હોય.

૨. લાયબ્રેરીયન અથવા પી.ટી.આઈ. ની નિમણુક કરેલ હોય.

૩. સંસ્થાએ માળખાકીય સુવિધાઓના ફોટો, સી.ડી. રજુ કરેલ હોય અને તે ફોટો અને સી.ડી. સિન્ડીકેટ સમક્ષ નિદર્શન કર્યા બાદ, સિન્ડીકેટ દ્વારા સંતોષ વ્યક્ત કરવામાં આવે."

P.T.O.

ઉપર્યુક્ત ઠરાવો ધ્યાને લઈ જે કોલેજોએ એકથી વધુ વર્ષોના વધારાના/ચાલુ જોડાણની માંગણી કરેલ હોય તેમજ તેટલા જ વર્ષોની ફી ભરેલ હોય પંરતુ સિન્ડીકેટ દ્વારા માંગણી કરતા ઓછા વર્ષોની ભલામણ કરવામાં આવેલ હોય તો બાકીના વર્ષોની ફી જે તે કોલેજએ ભરવાની રહેશે નહી. પરંતુ બાકીના જે તે વર્ષ/વર્ષો માટેની જોડાણ અરજી સંસ્થાએ અચુક કરવાની રહેશે.

જે સંસ્થા દ્વારા ઉપર્યુક્ત શરતો પૈકી શરત ક્રમાંક ૧ અને ૨ સંતોષાતી હોય તેવી સંસ્થાઓએ જ એક થી વધુ વર્ષોના જોડાણ માટેની માંગણી/અરજી કરવાની રહેશે અને તે મુજબ એકથી વધુ વર્ષોના જોડાણની ફી ભરવાની રહેશે.

એક થી વધુ વર્ષોના જોડાણ માટેની અરજી પરત્વે સ્થાનિક તપાસ સમિતિ દ્વારા એકથી વધુ વર્ષોના જોડાણ માટેની ભલામણ કરવામાં આવેલ હોય તેવા કિસ્સામાં ઉપર્યુક્ત શરત ક્રમાંક – ૩ મુજબ સિન્ડીકેટ દ્વારા વિચારણા કરવામાં આવશે,જે સર્વેને વિદિત થાય.

કુલસચિવ

પ્રતિ,

- સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ

નકલ સાદર રવાના:-

૧. માન.કુલપતિશ્રી/ માન.ઉપકુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે :-

૧. સિન્ડીકેટ વિભાગ

૨. કોમ્પ્યુટર સેન્ટર ( વેબસાઈટ પર પ્રસિધ્ધ થવા અર્થે ...)